# આત્મજ્ઞાની કવિવર શ્રીમદ્ રાજચંદ્ર (સંક્ષિપ્ત જીવન પરિચય)

મહાન તત્ત્વજ્ઞાનીઓની પરંપરાથી શોભિત આ ભારતભૂમિના ગુજરાત પ્રદેશમાં સૌરાષ્ટ્રના વવાણિયા ગામે વિક્રમ સંવત ૧૯૨૪, કારતક સુદ ૧૫ (તા.૧૦.૧૧.૧૮૬૭) રવિવારના શુભદિને શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો હતો. દશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં જન્મેલા શ્રીમદ્જીના પિતાશ્રીનું નામ પંચાણભાઈ અને માતાશ્રીનું નામ દેવબાઈ હતું. તેઓ નાનપણમાં 'લક્ષ્મીનંદન', પછીથી 'રાયચંદ' અને ત્યારબાદ 'શ્રીમદ્ રાજચંદ્ર' તરીકે પ્રસિદ્ધ થયા. શ્રીમદ્જીને ઘણી નાની વયથી આત્મિક સુખની તીવ્ર ભાવના રહેતી અને યાદશક્તિ પણ ઘણી જ સતેજ હતી. માતાશ્રીને જૈન સંસ્કાર હતા, તેથી ઘરમાં 'પ્રતિક્રમણસૂત્ર' આદિ પુસ્તકો વાંચવા મળ્યા અને જૈનધર્મ તરફ પ્રીતિ થવા લાગી.

શ્રીમદ્જીની ઉંમર સાત વર્ષની હતી ત્યારે વવાણિયામાં અમીચંદભાઈ નામના એક ગૃહસ્થનું મૃત્યુ થયું. શ્રીમદે તળાવકાંઠે બાવળના ઝાડ પર ચડી જોયું તો અમીચંદભાઈનું મડદું બળતું દેખાયું અને ઘણા લોકો તેને ઘેરીને ઊભા હતા. તે દેખીને તેમને વિચાર આવ્યો : 'અરે ! મનુષ્યને બાળી દેવામાં કેટલી ક્રુરતા !' આવા વિચાર આવતા મતિજ્ઞાનનું આવરણ દૂર થઈ ગયું અને પૂર્વ ભવોનું જાતિસ્મરણ થઈ આવ્યું.

શ્રીમદ્જીએ શાળામાં વિશેષ ભણતર લીધું નહોતું, છતાંય સંસ્કૃત-પ્રાકૃત વગેરે ભાષાઓના જ્ઞાતા હતા. નાની વયમાં જ તેમને તત્ત્વજ્ઞાનનો બોધ થયો હતો. તેમણે જૈનધર્મ કુળપરંપરાથી અંગીકાર કર્યો નહોતો, પરંતુ બાળઅવસ્થામાં જ પોતાના તર્કબળથી તેના સત્યપણાનો નિર્ણય કર્યો હતો. જૈનધર્મના સિદ્ધાંતો તેમણે જીવનમાં ઉતાર્યા હતાં અને ત્યારબાદ મુમુક્ષુઓને પણ તેને અનુસરવાનો બોધ દેતા હતાં.

શ્રીમદ્જીની સ્મરણશક્તિ અદ્‌ભુત હતી. તેઓશ્રીએ નાની વયમાં જ અવધાનના પ્રયોગો કરવા શરૂ કર્યા અને ધીરે ધીરે સો અવધાનના પ્રયોગ સુધી પહોંચી ગયા. વિ.સં. ૧૯૪૩માં ૧૯ વર્ષની ઉંમરે મુંબઈમાં શતાવધાનના પ્રયોગ કરેલ ત્યારે સહુ પ્રેક્ષકો આશ્ચર્યચકિત થઈ ગયા હતાં. શ્રીમદ્જીને કીર્તિની બીલકુલ ઇચ્છા નહોતી. એટલું જ નહીં, પણ આ પ્રયોગ આત્મકલ્યાણના માર્ગમાં બાધક છે એવું લાગવાથી ત્યાર પછી ક્યારેય આ પ્રયોગ કર્યા નહીં. તેઓશ્રીની સ્પર્શનશક્તિ પણ અત્યંત વિલક્ષણ હતી અને જ્યોતિષજ્ઞાનમાં પણ માહેર હતાં.

વિ.સં. ૧૯૪૪ માં ૧૯ વર્ષની વયે પૂર્વોપાર્જિત કર્મનો ઉદય સમજી શ્રીમદ્જીએ લગ્ન કર્યા, પરંતુ તેમની ઉદાસીનતા અને વૈરાગ્ય તો વધતાં જ ગયા. તેઓશ્રી ચોક્કસ માનતાં કે : કુટુંબરૂપી કોટડીમાં રહેવાથી સંસાર વધે છે અને એકાંતવાસમાં રહેવાથી સંસારનો જેટલો ક્ષય થઈ શકે છે તેનો એક શતાંશ પણ કુટુંબમાં રહેવાથી થતો નથી.

ભાગ્યે જ જોવા મળતો પ્રમાણિકતા, સજ્જનતા અને ધર્મસાધનાનો મેળ તેમના જીવનમાં સ્પષ્ટપણે દેખાતો. શ્રીમદ્જીને ઝવેરાતનો વ્યવસાય હતો, છતાં દુકાનમાં કોઈને કોઈ ધાર્મિક શાસ્ત્ર અને પોતાની નોંધપોથી હંમેશા સાથે રહેતા. વેપારની વાત પૂરી થતાં જ તેઓ શાસ્ત્રવાંચન કરવા બેસી જતા અથવા કંઈક વિચાર નોંધપોથીમાં લખી લેતા. આ નોંધ ઉપરાંત જિજ્ઞાસુ / મુમુક્ષુઓને લખેલા તેમના પત્રો અને લેખોનું પ્રકાશન 'શ્રીમદ્ રાજચન્દ્ર' પુસ્તકમાં થયું છે, જે મુમુક્ષુઓને ઘણા ઉપકારનું કારણ થયું છે.

શ્રીમદ્જીમાં પોતાના વિચારોની અભિવ્યક્તિ ગદ્ય કે પદ્યરૂપે કરવાની સહજ ક્ષમતા હતી. તેમની મુખ્ય આધ્યાત્મિક કાવ્ય રચનાઓમાં વૈરાગ્યબોધિની ભાવના, તૃષ્ણાની વિચિત્રતા, અમૂલ્ય તત્ત્વવિચાર (વર્ષ ૧૭), મૂળમાર્ગ રહસ્ય (વર્ષ ૨૧), જિનવાણી સ્તુતિ, ભક્તિના ૨૦ દોહરા (વર્ષ ૨૪), આત્મસિદ્ધિ (વર્ષ ૨૯), પરમ પદ પ્રાપ્તિની ભાવના [અપૂર્વ અવસર] (વર્ષ ૩૦) વગેરેનો સમાવેશ થાય છે. ૧૪૨ દોહારૂપ અલૌકિક 'આત્મસિદ્ધિ' ની રચનામાં આત્માની સિદ્ધિનો માર્ગ તેઓશ્રીએ દર્શાવ્યો છે. આત્મા છે, તે નિત્ય છે, તે કર્તા છે, તે ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે. – આ છ પદની જો જીવ, જ્ઞાની પુરુષના અભિપ્રાયે, શ્રદ્ધા કરે અર્થાત્ જ્ઞાનીપુરુષ જેને 'યથાર્થ શ્રદ્ધા' તરીકે સ્વીકારે એવી સર્વ તરફથી અવિરુદ્ધ શ્રદ્ધા કરે તો સમ્યગ્દર્શનને પામી, પરદ્રવ્ય અને પરભાવોથી ભિન્નતા અનુભવી, ઇષ્ટ-અનિષ્ટ પ્રવૃત્તિઓથી વિરમી, સર્વ દુઃખથી મુક્ત થાય. – આ, આત્મસિદ્ધિનું તાત્પર્ય છે. પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ રાજકોટ ખાતે વિ.સં. ૧૯૯૫માં આત્મસિદ્ધિ પર અપૂર્વ પ્રવચનો કર્યા હતાં.

શ્રીમદ્જીને વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે પરમ આદર હતો. તેઓશ્રી દિગંબર સંતોને નમસ્કાર કરતાં લખે છે : 'હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારા વચનો પણ સ્વરૂપાનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપરાકારભૂત થયાં છે, તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.' એમ ગુણનું બહુમાન, સત્કાર, વિનય કર્યો છે.

શ્રીમદ્જીને શુદ્ધ સમ્યક્દર્શનની પ્રાપ્તિ વિ.સં. ૧૯૪૭ માં ૨૪ માં વર્ષે થઈ. પોતાની જ હાથનોંધમાં લખે છે :

ઓગણીસસેં ને સુડતાળીસે, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે;

શ્રુત અનુભવ વધતી દશા, નિજસ્વરૂપ અવભાસ્યું રે..... ધન્ય રે દિવસ આ અહો..

વિ.સં. ૧૯૫૬માં શ્રીમદ્જીએ સર્વ વ્યવહારથી નિવૃત્તિ લઈ સર્વસંગપરિત્યાગરૂપ દીક્ષા લેવા માટે માતા પાસે આજ્ઞા પણ લઈ લીધી હતી. પરંતુ તેઓશ્રીની શારીરિક અવસ્થા દિવસે દિવસે બગડતી ગઈ. અનેક ઉપચારોથી પણ તેઓ સ્વસ્થ થયા નહિ. લઘુબંધુ મનસુખભાઈને કહ્યું : 'ભાઈ મનસુખ ! દુઃખી ન થતો, હું મારા આત્મસ્વરૂપમાં લીન થાઉં છું.' આમ શ્રીમદ્જીએ ચૈત્ર વદ ૫, મંગળવારે બપોરના ૨ વાગે રાજકોટમાં સમાધિપૂર્વક દેહપરિવર્તન કરી સાધનાપંથે આગળ પ્રયાણ કર્યું.

ચૈત્ર સુદ ૯, વિ.સં. ૧૯૫૭, રાજકોટ, શ્રીમદ્જીનો અંતિમ સંદેશ :

**સુખધામ અનંત સુસંત ચહી, દિન-રાત્ર રહે તદ્‌ધ્યાનમહીં;**
**પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે, વર તે, જય તે.**

મુંબઈ.

સોમવાર, તારીખ : ૧૬ એપ્રિલ, ૨૦૧૨. — શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટના

તિથિ : ચૈત્ર વદ ૧૧, વિક્રમ સંવત્ ૨૦૬૮. — ભક્તિભાવના ભર્યા ભક્તો